विद्या सर्वार्थ साधिका

# આનંદાલય
## વાર્ષિક પરીક્ષા
## ધોરણ-૭

વિષયઃ ગુજરાતી　　　　　　　　　　　　　　　　કુલ ગુણ : ૨૦

તાઃ ૨૨.૨ .૨૦૨૦　　　　　　　　　　　　　　　　સમય : ૧કલાક

નામ : ____________________　　ધોરણઃ ______　　ક્રમાંકઃ ________________

પ્ર. ૧.　નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

૧　ન્યાયાધીશે ઈશાનીના પિતાને શું કહ્યું ?　૨

૨　વિષ્ણુદત્તનું ગાડું કાદવમાં કેવી રીતે ફસાયું ?　૨

પ્ર.૨　નિર્દેશ પ્રમાણે લખો.

અ　સમાનાર્થી શબ્દ આપો.　૪

| | | |
|---|---|---|
| ૧ | હરખ | |
| ૨ | ગરદન | |
| ૩ | પુત્રી | |
| ૪ | ભુજંગ | |

બ વિરોધાર્થી શબ્દ આપો. ૪

| | | |
|---|---|---|
| ૧ | દુર્ગંધ | |
| ૨ | તળેટી | |
| ૩ | ન્યાય | |
| ૪ | યજમાન | |

પ્ર. ૩ અ. ખાલી જગ્યા પૂરો ૨

૧ કરચલાએ પોતાના.........સાપને ગળે ભેરવીને તેને ત્યાં જ મારી નાંખ્યો.

૨ બીજા દિવસે કાગડો પર્વતના ...........પર પહોચી ગયો.

બ. નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો ૨

| | | |
|---|---|---|
| ૧ | કાગડાની પાંખ અને ગરદન તૂટી ગઈ. | |
| ૨ | વિષ્ણુદત્તે વનદેવતાને પ્રસાદ ચઢાવ્યો | |

પ્ર ૪ નીચે આપેલ વાર્તા વાંચીને પ્રશ્નોનાં જવાબ આપો ૪

રવિવારની રજા એટલે પિનાક માટે મજા જ મજા. તે ભણવામાં હોશિયાર પણ ખૂબ જ મસ્તીખોર રજા હોય ત્યારે ભાઈબંધો સાથે રમવામાં જ અડધો દિવસ કાઢી નાંખતો.તેને ઘરથી થોડે દૂર બગીચો હતો.બગીચામાં જઈને તેઓ ક્રિકેટ, પકડદાવ, સંતાકૂકડી અને સતોડીયું રમતા.એક રજાના દિવસે પિનાક તેના દોસ્તો રવિ અને રેયાંશ સાથે બગીચામાં રમવા ગયો.

ક્રિકેટ રમવાનું શરુ કર્યું.પિનાક સરસ રમતો હતો. તેનો બોલ હંમેશાં ઊંચે જ જતો હતો.રવિએ બોલ ફેક્યો અને પિનાકે પળવારમાં તો બોલ છેક ઊંચે ફટકાર્યો.બોલ એક ઝાડ સાથે અથડાઈને નીચે પડયો.રેયાંશ બોલ લેવા ગયો. ત્યાં જઈને તેણે જોયું તો એક બુલબુલનો સુંદર માળો બોલ વાગવાથી નીચે પડી ગયો હતો.એ માળામાં બે નાનાં બચ્ચાં હતાં.રેયાંશે તરત પિનાક અને રવિને બોલાવ્યા.

બન્ને મિત્રો દોડતા દોડતા ત્યાં ગયા.ત્યાં જઈને જોયું તો બે બચ્ચાં નીચે પડયા હતાં. રેયાંશ અને

રવિને દયા આવી.પણ પિનાક તો જાણે ખેલ કરતો હોય તેમ બચ્ચાંને લઈ આમથી તેમ રમવા લાગ્યો.રેયાંશે પિનાકને કહ્યું " આપણે બુલબુલનો માળો પાછો ઝાડ પર લટકાવી શકાય એવું કંઈક કરવું જોઈએ.આ બચ્ચાંને સલામત રીતે માળામાં મૂકી દેવા જોઈએ.

પિનાકને તો મસ્તી સૂઝી હતી.તે બચ્ચાંને જાણે રમકડું સમજતો હતો.બગીચામાં બચ્ચાને હાથમાં લઈને દોડતા દોડતા તેના હાથમાંથી એક બચ્ચું નીચે જમીન પર પડી ગયું.સામે બેઠેલા અંકલે આ જોયું.તેમણે તરત પિનાકને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું "બેટા આ તું શું કરે છે? આવડું નાનું બચ્ચુ મરી જશે.એને હેરાન ન કરીશ."

પિનાકને અંકલની વાત ન ગમી.તેણે કહ્યુ "અંકલ પેલા ઝાડ પરથી સુગરીનો માળો નીચે પડી ગયો.એમાંથી બે બચ્ચાં નીકળ્યાં એમાં મારો શો વાંક?"

અંકલે કહ્યું "પણ આ બચ્ચાને સલામત જગ્યાએ તો મૂકવા જોઈએ ને તને જો તારી મમ્મીથી દૂર કરી દેવામાં આવે તો શું તું તારી મમ્મી વગર રહી શકીશ? એમ આ બચ્ચાં પણ પોતાની મા વગર કેવી રીતે રહી શકશે?" પિનાકને અંકલની વાત સમજાઈ ગઈ.તે અંકલને લઈ ઝાડ પાસે ગયો.અંકલની મદદથી માળો ઝાડ ઉપર લટકાવીને બે બચ્ચાં માળામાં મૂકી દીધાં.ત્રણેય મિત્રો ખૂબ જ ખૂશ થયા અને ઘરે ગયા.

૧. પિનાક અને તેના મિત્રો કઈ કઈ રમતો રમત હતા?

| |
|---|
| |
| |
| |
| |

૨ બુલબુલનો માળો કેવી રીતે નીચે પડયો ?

| |
|---|
| |
| |
| |
| |

૩ પિનાકના હાથમાંથી શું નીચે પડી ગયું ?

| |
|---|
| |
| |
| |
| |

૪ આ વાર્તામાંથી તમને શું શીખ મળે છે ?

| |
|---|
| |
| |
| |
| |